P.07

મારી તુલના
અલ્લુ અર્જુન
સાથે ન કરો
અમિતાભ બચ્ચન

લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in
LOK PATRIKA
RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૩૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૧૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 139 • Dt. 28-12-2024 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar,
Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

સિંઘમ અગેઇનની
નિષ્ફળતાથી રોહિતનો
પોલીસ બ્રહ્માંડ પરનો
વિશ્વાસ તૂટી ગયો

દિલ્હી-એનસીઆરના
અનેક વિસ્તારોમાં
ભારે વરસાદ । કરા
પડતાં ઠંડીમાં વધારો

07

28
DECEMBER- 2024
SATURDAY

चंद्र ग्रहण vs सूर्य ग्रहण

07

નવા વર્ષ ૨૦૨૫માં
બે સૂર્યગ્રહણ અને
બે ચંદ્રગ્રહણ । ભારતમાં
માત્ર એક જ દેખાશે

અંબાલાલ પટેલની ફરી એક વખત વરસાદની આગાહી

ઉત્તર ગુજરાતના મહેસાણા, ઈડર, વડાલી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતાઓ । આણંદ, નડીયાદ, ખેડા તેમજ દક્ષિણ ગુજરાતમાં પણ ભરશિયાળે વરસાદ ખાબકશે । આ ઉપરાંત જાન્યુઆરીના બીજા પખવાડીયાથી વરસાદ પડશે । વરસાદની આગાહીથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ

ગુજરાતમાં ભરશિયાળે કમોસમી વરસાદની આગાહી

આજથી એક અઠવાડીયા સુધી સમગ્ર ગુજરાતમાં આકરી ઠંડી પડવાની આગાહી । ઉત્તરાયણ દરમિયાન સવારથી સારો પવન અને બપોરના સમયે પવન ઘટી જશે । હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૭ ।

અંબાલાલ પટેલની ફરી એક મોટી આગાહી સામે આવી છે. હજૂ રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ રહેશે. અરવલ્લી, ઈડર અને વડાલીના ભાગોમાં કમોસમી વરસાદ રહેવાની આગાહી કરી છે. આ સિવાય મહેસાણાના કેટલાક ભાગોમાં પણ કમોસમી વરસાદ રહેશે. આણંદ, નડીયાદ, ખેડા તથા દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ રહેશે. શનિવાર સુધી કમોસમી વરસાદ રહેશે. ઉત્તરીય પર્વતિય પ્રદેશ અને ઉત્તર ભારતનો કમોસમી વરસાદ રહેવાની અંબાલાલ પ ટેલે આગાહી કરી છે. ૨૯ ડિસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં આકરી ઠંડી પડશે. ૩ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન ઉત્તર પર્વતિય વિસ્તારમાં હીમ વર્ષાના કારણે ગુજરાતમાં ઠંડી પડશે. ગુજરાતમાં ઠંડીના કારણે પારો નીચે જશે. ઉત્તર ગુજરાતમાં સહીત વિસ્તારોમાં ૧૦ થી ૮ ડિગ્રી તાપમાન જતાં ઠંડી પડશે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં, મધ્ય ગુજરાતમાં ઠંડી વધશે. ગાંધીનગરનું ન્યૂનતમ તાપમાન ૮ ડિગ્રી થશે. જાન્યુઆરીના બીજા પખવાડીયાથી કમોસમી વરસાદ થઈ શકે.

આજે રાજ્યમાં કરા સાથે ભારે વરસાદની આગાહી

આજે રાજ્યમાં કરા સાથે ભારે વરસાદની આગાહી છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છમાં વરસાદની આગાહી, મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણ પલટો રહેશે, આગામી ૩ દિવસમાં ૨ થી ૪ ડિગ્રી તાપમાન વધી જશે. અમદાવાદમાં હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદી માહોલ છવાયો છે. મોડી રાતે અને વહેલી સવારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદ નોંધાયો છે.

૨ જૂથ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી બાદ વાત વણસી હતી

રાધનપુરના નાનાપુરા ગામે ૨ જૂથ વચ્ચે અથડામણ । ૧૦ લોકો ઈજાગ્રસ્ત

ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૭ ।

રાજ્યમાં અવારનવાર જૂથ અથડામણની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર પાટણના રાધનપુરના નાનાપુરા ગામે જૂથ અથડામણની ઘટના બની છે. જૂથ અથડામણમાં ૧૦ થી વધુ લોકોમાં ઈજા પહોંચી છે. એક જ કોમના બે જૂથ વચ્ચે જૂથ અથડામણમાં ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાની જાણ થતા જ તાત્કાલિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી મામલો શાંત પાડ્યો હતો. જે બાદ નાનપુરા ગામમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો હતો. જો કે હજી સુધી કઈ બાબતે ૨ જૂથ વચ્ચે અથડામણ થયુ હતુ તેનું કારણ અકબંધ છે.બીજી તરફ આ અગાઉ ગાંધીનગરના દહેગામ શહેરમાં પથ્થરમારાની ઘટના સામે આવી હતી. ત્યારે ૨ જૂથ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી બાદ વાત વણસી હતી. ઉગમણા ઠાકોર વાસ પાસેની હોળી ચકલા વિસ્તારમાં ઘટના બની હતી. પથ્થરમારામાં ૬ જેટલા વ્યક્તિઓને સામાન્ય ઈજા થયા હતા.

બેસણું - પ્રાર્થના સભા



સ્વ. અરવિંદભાઇ અનંતરાય ભટ્ટ
(નિવૃત્ત પેન્શનર, મહાનગરપાલિકા, ભાવનગર)
સ્વ. તા.૨૫-૧૨-૨૦૨૪, માગશર વદ-૧૦, બુધવાર (ઉ.વ.૮૨)

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक :
न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः।।

બેસણું - પ્રાર્થના સભા
તા. 29-12-2024 ને રવિવાર, બપોરે 4 થી 6
સ્થળ : દીપક હોલ, સંસ્કાર મંડળ, ભાવનગર.
(બન્ને પક્ષનું બેસણું-પ્રાર્થનાસભા સાથે રાખેલ છે)

લિ.
- સ્વ. અનંતરાય લક્ષ્મીશંકર ભટ્ટ (ભટ્ટની ખડકી, ભગાતળાવ)
- સ્વ. હરિનંદનભાઈ અનંતરાય ભટ્ટ (મહાનગરપાલિકા, ભાવનગર)
- ગં.સ્વ.સુષ્માબેન અરવિંદભાઈ ભટ્ટ (પત્ની)
- દીપકભાઈ હરિનંદનભાઈ ભટ્ટ (મહાનગરપાલિકા, ભાવનગર) (ભત્રીજા)
- શીલાબેન દીપકભાઈ ભટ્ટ (ભત્રીજા વહુ)
- જયવંત અરવિંદભાઈ ભટ્ટ (પત્રકાર, ભાવનગર) (પુત્ર)
- ડૉ. પ્રીતિ જયવંતભાઈ ભટ્ટ (ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિ., ભાવનગર) (પુત્રવધુ)

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT
INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ
૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ)
અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

☎ 9638358158, 7567020200, 9313304367

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

રાજકોટમાં આજીડેમ ચોકડી નજીક કન્ટેનરની અડફેટે વિદ્યાર્થિનીનું મોત

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૭ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતા હોય છે. ત્યારે રાજકોટના આજીડેમ ચોકડી નજીક અકસ્માત સર્જાયો છે. માર્કેટ યાર્ડ સર્વિસ રોડ ઉપર કન્ટેનરે વિદ્યાર્થીનીને અડફેટે લીધી હતી. માર્કેટ યાર્ડ નજીક આવેલી સ્કૂલથી વિદ્યાર્થિની ઘરે પર આવતી હતી, તે સમયે આ દુર્ઘટના બની હતી. અકસ્માત થતા જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. વિદ્યાર્થિનીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.બીજી તરફ રાજકોટના કાલાવડ રોડ પર સ્કૂલ બસે અકસ્માત સર્જ્યો છે. કણકોટ પાટીયા નજીક ઈનોવેટીવ સ્કૂલની બસને અકસ્માત નડ્યો છે. ડ્રાઈવરે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા બસ થાંભલા સાથે અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ બાળકો અને એક મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી. જેમાં અકસ્માતને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો.

સુરતમાં સામૂહિક હત્યાનો પ્રયાસ : પત્ની અને બાળકનું મોત થયું

। પ્રતિનિધિ, સુરત, તા.૨૭ ।

સુરતમાં સામૂહિક હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની હચમચાવતી ઘટના સામે આવી છે. પારિવારીક મન દુઃખમાં ખૂની ખેલ ખેયાલો છે. સગા દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળક પર હુમલો કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે આ બનાવમાં પત્ની અને બાળકનું મોત થયું છે. આ ધ્રુજાવનારી ઘટના સુરતના સરથાણા વિસ્તારની છે. અહીં આવેલા સરથાણા સૂર્યા ટાવરમાં સામૂહિક હત્યાના પ્રયાસની ઘટના સામે આવી છે. સગા દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળકને ચપ્પુના ઘા માર્યા હતા. સ્મિત જીયાણી દ્વારા ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. ઘટનાને અંજામ આપ્યા બાદ સ્મિતે પોતે પણ ગળાના ભાગે ચપ્પુ માર્યું હતું. ઘટનામાં પત્ની અને બાળકનું મોત થયું છે. જ્યારે માતા-પિતા અને સ્મિત હાલ સારવાર હેઠળ છે. સરથાણા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.

રાજ્યમાં ૭ દિવસ રાજકીય શોક જાહેર કરાયો

પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના નિધન ઉપર મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ શોક વ્યક્ત કર્યો

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને જાણીતા અર્થશાસ્ત્રી ડો. મનમોહન સિંહના નિધનના સમાચાર અત્યંત દુઃખદ : ભુપેન્દ્ર પટેલ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

ભારતના પૂર્વ વડાપ્રધાન અને પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી ડો. મનમોહન સિંહનું નિધન થયું છે. ૨૬ ડિસેમ્બર, ગુરુવારે સાંજે ૯૨ વર્ષીય મનમોહન સિંહને ગંભીર હાલતમાં દિલ્હી એમ્સ ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં મોડી રાત્રે તેઓનું નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત બીમારીઓથી પીડિત હતા.ડૉ. મનમોહન સિંહના અવસાનથી રાષ્ટ્રીય શોકનો માહોલ છે. ભારતના તમામ પક્ષના નેતાઓ અને આગેવાનો સ્વ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એકસ પર પોસ્ટ કરતા લખ્યું, ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. મનમોહન સિંહના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. તેમણે દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમના આત્માને શાંતિ મળે અને ભગવાન તેમના પરિવાર અને સમર્થકોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.ગુજરાત રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ શોક વ્યક્ત કરતા કહ્યું, ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ.મનમોહન સિંહના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ તેમને તેમના ચરણોમાં સ્થાન આપે અને તેમના પરિવારને આ અપાર નુકસાન સહન કરવાની શક્તિ આપે. ઓમ શાંતિ.ડૉ. મનમોહન સિંહના અવસાન બાદ કેન્દ્ર અને ગુજરાત સરકારે સાત દિવસનો શોક જાહેર કર્યો છે. જે સાથે રાજ્યના તમામ મોટા કાર્યક્રમો, ઉજવણી, મેળાવડા સહિતના અન્ય કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાર્યક્રમ અને અમદાવાદ કાંકરિયા કાર્નિવલ પણ રદ કરવામાં આવ્યો છે. બીજી તરફ કોંગ્રેસ પાર્ટીએ પણ તેમના કાર્યક્રમો અને આંદોલન સહિતના કાર્ય સાત દિવસ સુધી રદ કર્યા છે.ગુજરાત કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે સ્વ. મનમોહન સિંહ સાથેની એક જૂની તસ્વીર શેર કરતા લખ્યું, સમાનતા, સફળતા અને સાદગીના પ્રતિક તેવા ભારતના અમૂલ્ય રત્ન શ્રી મનમોહનસિંઘજીને આપણે સદા માટે ગુમાવ્યા છે. તેઓ સાથેની મારી મુલાકાતોની યાદો ચિરંજીવી રહેશે. સદગતને શ્રદ્ધા સુમન સમર્પિત કરું છું, આ મુશ્કેલ સમયમાં તેમના પરિવાર અને પ્રિયજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તે માટે પ્રાર્થના. ભારતના પૂર્વ વડાપ્રધાન અને પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી ડો. મનમોહન સિંહનું નિધન થયું છે. ૨૬ ડિસેમ્બર, ગુરુવારે સાંજે ૯૨ વર્ષીય મનમોહન સિંહને ગંભીર હાલતમાં દિલ્હી એમ્સ ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં મોડી રાત્રે તેઓનું નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત બીમારીઓથી પીડિત હતા. ડૉ. મનમોહન સિંહના અવસાનથી રાષ્ટ્રીય શોકનો માહોલ છે. ભારતના તમામ પક્ષના નેતાઓ અને આગેવાનો સ્વ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે.

બાથરૂમમાં ન્હાવા ગયેલી ૧૩ વર્ષીય યુવતીનું રહસ્યમય સંજોગોમાં મોત

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૭ ।

પાલનપુરના આબુ હાઈવે ઉપર આવેલી તિરૂપતિ રાજનગર સોસાયટીના મકાનમાં બાથરૂમમાં ન્હાવા ગયેલી ૧૩ વર્ષીય કિશોરીનું ગીઝરના ગેસથી ગૂંગળાઈ જવાથી મોત નિપજતા અરેરાટી વ્યાપી છે.નાહવા ગયેલી દીકરીનો ૧૫ મિનિટ સુધી બાથરૂમમાંથી કોઈ અવાજ ન આવતાં કે પુત્રી બહાર ન નીકળતા માતાએ દરવાજો ખખડાવ્યો હતો. જે ના ખોલતાં મકાન પાછળ જઈ કાચની ઝાળીમાંથી જોતા તેણી ફર્સ ઉપર પડેલી હતી. આથી પરિવારજનોએ બાથરૂમનો દરવાજો તોડી કિશોરીને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.પાલનપુરની તિરૂપતિ રાજનગર સોસાયટીમાં રહેતા મૂળ વડગામના વેસાના દુષ્યંતભાઈ વ્યાસ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે.તેમની ૧૩ વર્ષીય દીકરી દુર્વા તેમના મકાનના બાથરૂમમાં ન્હાવા માટે ગઈ હતી. જે બાથરૂમમાં ગયા પછી ૧૫ મિનીટ સુધી કોઈ અવાજ આવ્યો ન હતો. કે તેણી બહાર પણ ન નીકળતાં તેણીની માતા મિતલબેને દરવાજો ખખડાવ્યો હતો.

પતિએ પ્રેમિકા સાથે મળી પત્નીને મોતને ઘાટ ઉતારી

। પ્રતિનિધિ, મોરબી, તા.૨૭ ।

મોરબીમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, આ વખતે પ્રેમ પ્રકરણમાં એક હત્યા થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પરણેલા પ્રેમી પંખીડાએ પોતાની જ પત્નીની ગળુ દબાવીને હત્યા કરી નાંખી હતી, અને બાદમાં તેના મૃતદેહને સંતાડવા જતાં પકડાઈ ગયા હતા. હાલમાં બન્નેની પોલીસે ધરપડક કરી લીધી છે.મોરબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, ઘટનાની વિગતો એવી છે કે, રાહુલ રેવાલી નામની યુવતીના પ્રેમમાં પાગલ હતો, રાહુલ પહેલાથી પાયલ ઉર્ફે રાની નામની યુવતી સાથે પરણેલો હતો. રાહુલ નાયક અને રેવાલીના પ્રેમ પ્રકરણની જાણ પાયલને થઈ ગઈ હતી, અને રાહુલ નાયક રેવાલીને બીજી પત્ની તરીકે પોતાના ઘરમાં રાખવા માંગતો હતો, પરંતુ આ વાત પાયલ પાયલ ઉર્ફે રાનીને ગમતી ન હતી. પ્રેમ પ્રકરણનો અંત એવો આવ્યો કે બન્ને હાલમાં પોલીસની પકડમાં છે.

વડોદરાના મેળામાં ચાલુ રાઇડમાંથી નીચે પટકાયા બાળકો । મેળો બંધ કરાવાયો

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૭ ।

ગુજરાતમાં ફરી એક વાર મેળામાં મોટી દુર્ઘટના થતા બચી ગઈ છે. ગુજરાતમાં વારંવાર વિવિધ મેળામાં રાઈડ્સમાં દુર્ઘટનાઓ થતી હોવાનું સામે આવે છે, ત્યારે ફરી એક વખત વડોદરાના મેળામાં આવી ઘટના બની છે.માંજલપુરમાં યોજાયેલા આનંદમેળામાં ચાલુ રાઈડમાં કેટલાક બાળકો નીચે પટકાઈ હોવાની ઘટના બની છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.આ મામલામાં બે લોકોની અટકાયત પણ કરવામાં આવી છે.વડોદરાના માંજલપુરના આનંદ મેળામાં મોટી દર્ઘટના ટળી હતી. મેળો બરાબરનો જામ્યો હતો અને નાની હેલિકોપ્ટર રાઈડમાં બાળકો આનંદ માણતા હતા. એવા સમયમાં અચાનક રાઈડમાં બેઠેલા કેટલાક બાળકોની કેબિનનો લોક ખુલી જાય છે. ચાલુ હેલિકોપ્ટર રાઈડનો દરવાજો ખુલી જતા ૨થી ૩ બાળકો નીચે પટકાયા હતા. જેમાં એક બાળકી ઈજાગ્રસ્ત થઈ હતી. આ ઘટનાની જાણ થતાં એડિશનલ પોલીસ કમિશનર લીના પટેલ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સ્થળ પર પહોંચીને આ મામલે તપાસ શરૂ કરી હતી. આ ઉપરાંત ફાયર બ્રિગેડની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. આ રાઈડમાં ૧૨ જેટલા બાળકો સવાર હતા.

એસઓજી ટીમે ભાવનગર રોડ પર રિક્ષામાં નશીલા પદાર્થ સાથે બેઠેલા બે શખ્સને ઝડપી પાડ્યા

રાજકોટમાં ચરસનો વેપલો કરતા બે શખ્સ ઝડપાયા । રૂ. ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૭ ।

હાલમાં જ રાજકોટ પોલીસની એસઓજી ટીમે ભાવનગર રોડ પર રિક્ષામાં નશીલા પદાર્થ સાથે બેઠેલા બે શખ્સને ઝડપી પાડ્યા છે. આોરોપીઓ પાસેથી લાખોની કિંમતનો ચરસનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.રાજકોટ પોલીસની એસઓજી ટીમને માહિતી મળી હતી કે, ભાવનગર રોડ પર શાળા નં. ૧૩ પાસે રિક્ષામાં બેઠેલા બે શખ્સ પાસે માદક પદાર્થનો જથ્થો છે. જેથી બાતમી મળતાં જ પીઆઈ સંજયસિંહ જાડેજા સહિતની ટીમ સ્થળ પર દોડી ગી હતી. પોલીસે રીક્ષાની તપાસ કરતા શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો મળ્યો હતો.એફએસએલ નિષ્ણાતને બોલાવતા તેમણે આ જથ્થો ચરસનો હોવાનું સ્પષ્ટ કરી દીધું હતું. રાજકોટ પોલીસે રૂ. ૫,૯૪,૭૫૦ની કિંમતનો ૩.૯૬૫ કિલોગ્રામ ચરસ, બે મોબાઈલ અને રિક્ષા સહિત કુલ રૂ.૬,૫૯,૭૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી રિક્ષામાં બેઠેલા લલૂડી વોંકળી પાસે રહેતા ૩૨ વર્ષીય શબ્બીર સલીમ શેખ અને સહકાર મેઈન રોડ પર કલ્યાણ હોલ નજીક રહેતા ૩૦ વર્ષીય અક્ષય કિશોર કથરેચાની ધરપકડ કરી હતી. ચરસનો જથ્થો ક્યાંથી લાવ્યા અને કોને આપવાના હતા તે મુદ્દે પોલીસે તપાસનો દોર શરૂ કર્યો હતો.

હવે જનતા પણ ભ્રષ્ટાચારીઓને કરી શકશે બેનકાબ

LIVE
લોક પત્રિકા

આજે
Lok Patrika
એપ્લિકેશન ડાઉનલોડ
કરો અને જોડાઈ
જાઓ સમાચારની
દુનિયા સાથે

GET IT ON Google Play

Lokpatrika.in
ન્યૂઝ પેપર | ન્યૂઝ ચેનલ | ન્યૂઝ વેબસાઈટ

રિયા કુંજભાઈ શાહ ભારતમાં બીજા અને ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવી

ઓલ ઇન્ડિયા સીએનું પરિણામ જાહેર થઈ ગયું અમદાવાદની દીકરીએ ભારતમાં ડંકો વગાડ્યો

રિયા શાહને ૮૩.૫૦ ટકા આવ્યા । ઓલ ઇન્ડિયા સીએનું પરિણામ ૧૩.૪૫ ટકા આવ્યું છે

ALL INDIA TOPPER FIRST RANK
ALL INDIA SECOND RANK
ALL INDIA THIRD
HERAMB MAHESHWARI
YDERABAD - I
RISHAB OSTWAL R
TIRUPATI
RIYA KUNJANKUMAR SHAH
AHMEDABAD - II
KINJAL
KOLKA

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૭ ।

ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ જાહેર થઈ ગયું છે. જેમાં અમદાવાદની વિદ્યાર્થીની રિયા કુંજભાઈ શાહ ભારતમાં બીજા અને ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવી છે. રિયા શાહ ૮૩.૫૦ ટકા સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે અને ભારતમાં બીજા ક્રમાંકે આવી છે. નોંધનીય છે કે, ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ ૧૩.૪૫ ટકા આવ્યું છે.સીએના પરિણામાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવ્યા બાદ રિયા શાહે ઈન્ટરવ્યુંમાં જણાવ્યું હતું કે પરીક્ષાના સમયે મારી તબિયત સારી નહોતી પણ પરિવારની હિંમતથી પરીક્ષા આપી ખૂબ મહેનત કર્યા બાદ આજે પરિણામ મળતાં ખુશી છે.' ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાએ આજે (૨૭ ડિસેમ્બર ૨૦૨૪) આઈસીએઆઈ સીએ ફાઈનલ પરિણામ જાહેર કરી દીધું છે. જેમાં આ પરિણામથી દેશને ૧૧૫૦૦ નવા સીએ મળ્યા છે. હૈદરાબાદના હરમ્બ મહેશ્વરી અને તિરુપતિના ઋષભ ઓસટવાલે સંયુક્ત રીતે ટોપ થ્રીમાં પ્રથમ પ્રથમ સ્થાન મેળવ્યું છે. બંનેએ ૮૪.૬૭ ટકા માર્ક્સ મેળવ્યા છે. જ્યારે બીજા ક્રમે અમદાવાદની રિયા કુંજન કુમાર શાહે ૮૩.૫૦ ટકા અને ત્રીજા ક્રમે આવેલી કોલકાતાની કિંજલ અજમેરાએ ૮૨.૧૭ ટકા મેળવ્યા છે.નવેમ્બરમાં યોજાયેલી પરીક્ષામાં ગ્રુપમાં ૬૬૯૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૧૨૫૩ એટલે કે ૧૬.૮ ટકા ઉમેદાવારો પાસ થયા હતા. જ્યારે બીજા ગ્રુપના ૪૯૪૫૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦૫૬૬ ઉમેદવારો સફળ થયા હતા. એટલે કે ૨૧.૩૬ ટકા પાસ થયા છે. બંને ગ્રૂપમાં ઉપસ્થિત ૧૩.૪૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા, આ માટે ૩૦૭૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૪૧૩૪ વિદ્યાર્થીઓ સફળ થયા હતા. ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ જાહેર થઈ ગયું છે. જેમાં અમદાવાદની વિદ્યાર્થીની રિયા કુંજભાઈ શાહ ભારતમાં બીજા અને ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવી છે. રિયા શાહ ૮૩.૫૦ ટકા સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે અને ભારતમાં બીજા ક્રમાંકે આવી છે. નોંધનીય છે કે, ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ ૧૩.૪૫ ટકા આવ્યું છે.

"ડો. મનમોહન સિંઘના નિધનથી આપણે

એક ખૂબ જ પ્રતિષ્ઠિત નેતા, એક ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને એક મહાન માનવી ગુમાવ્યા

। અમદાવાદ,તા.૨૭ ।

"ડો. મનમોહન સિંઘના નિધનથી આપણે એક ખૂબ જ પ્રતિષ્ઠિત નેતા, એક ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને એક મહાન માનવી ગુમાવ્યા છે. ડૉ. મનમોહન સિંઘ સાથેની મારી યાદો એ સમયની છે જ્યારે તેઓ દિલ્હી સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં ભણાવતા હતા. એ દિવસોમાં હું મારા સ.છ.ના પ્રથમ વર્ષમાં હતો. પશ્ચિમ ઓડિશાના સંબલપુર જિલ્લામાંથી આવેલા મારા જેવા વિદ્યાર્થી માટે તે જમાનામાં તેમને પ્રતિષ્ઠિત પ્રોફેસરોમાં સામેલ જોવા એ આશ્વાસન આપનારું હતું. એ દિવસો હતા જ્યારે અમર્ત્ય સેન, મૃણાલ દત્તા ચૌધરી, એ.એમ. ખુસરો, કે.એન. રાજ, સુખમય ચક્રવર્તી, ધર્મ કુમાર અને અન્ય લોકો જેવા જાણીતા પ્રોફેસરો ત્યાં ભણાવતા હતા. ડો. મનમોહન સિંઘ પાસે આંતરરાષ્ટ્રીય વેપારમાં જટિલ વિષયોને દરેક વિદ્યાર્થી સમજી શકે તે રીતે સમજાવવાની અદભૂત ક્ષમતા હતી, જેનાથી વિદ્યાર્થીઓ માટે શીખવાનું સરળ બનતું. તે અત્યંત નમ્ર અને લૉ પ્રોફાઈલ હતા.

પાછળથી મને તેમની સાથે એ સમયે વાર્તાલાપ કરવાનો લહાવો મળ્યો જ્યારે મેં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સચિવ અને કૃષિ મંત્રાલયમાં ભારત સરકારના સચિવ તરીકે તેમના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન કામ કર્યું હતું. જ્યારે પણ હું તેમને મળ્યો ત્યારે મને તેમના વર્તનમાં સમાન સાદગી, પ્રામાણિકતા અને નમ્રતા જોવા મળી.

-આ પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ પીકે મિશ્રાનું નિવેદન છે.

વાપીમાં સાત વર્ષીય બાળકની કરપીણ હત્યા, ઝાડી ઝાંખરામાંથી મૃતદેહ મળ્યો

। માહિતી બ્યુરો, વાપી, તા.૨૭ ।

શહેરના છીરી વિસ્તારમાં એક ૭ વર્ષીય બાળકની હત્યા કરેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. શ્રમજીવી પરિવારનું બાળક ઘરથી ગુમ થઈ ગયું હતું ત્યારે જોકે આજે ઝાડી ઝાંખરામાંથી હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ અપહરણ અને બાળકની હત્યાનો ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા તપાસ હાથ ધરી છે. ત્યારે આવો જણીએ શું છે સમગ્ર મામલો.બનાવની વિગતો જોઈએ તો, વાપીના છીરી વિસ્તારમાં આવેલા રણછોડ નગરમાં વડાપાવની લારી ચલાવતા એક પરિવારમાં અત્યારે શોકનો માહોલ છે. આ પરિવારનો સાત વર્ષીય ઓમ જીતકુમાર તંતી નામનું બાળક ગઈકાલ રાતથી ગુમ હતું. પરિવારજનોએ ભારે શોધખોળ કરી હતી. પરંતુ આખી રાતની શોધખોળ કર્યા બાદ પણ બાળક નહીં મળતા આખરે સવારે આ અંગે પોલીસને જાણ કરી હતી. બનાવની જાણતા જ પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ બાળકની શોધખોળ હાથ ધરી હતી અને આખરે આ બાળકનો મૃતદેહ ઘરથી થોડી દૂર ઝાડી ઝાંખરામાંથી મળી આવ્યો હતો. આથી પોલીસે મૃતદેહનો કબજો લઈ આ અંગે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી.

FREE HEARING TEST
ઉમેદ ચૌહાણ
મો.: ૯૧ ૯૮૭૯૭૭૮૦૦૮
શું તમને સાંભળવામાં તકલીફ થાય છે ?
આજે જ તમારી શ્રવણ શક્તિ તપાસો...
કોને લાભ મળવા પાત્ર છે.
પેન્શનર તથા સરકારી કર્મચારીઓ તેમજ
મ્યુ. કોર્પોરેશનમાં નોકરી ધરાવતા હોય તેમના માટે
રૂા. ૫૦,૦૦૦/-ના રીઈમ્બરસમેન્ટની સ્કીમનો લાભ મેળવો.
ગુજરાતના બધાજ શહેરોમાં સુવિધા ઉપલબ્ધ છે.
ફ્રી હીઅરીંગ ચેકઅપ કેમ્પ માટે સંપર્ક કરો.

માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
2024-3
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
સમસ્ત પટેલ સમાજ કન્યા સંસ્કાર મંદિર
મહિલા નિવાસી સંકુલ
પ્રવેશ-માર્ગદર્શન માટે મળો. 2024-25
ગુણવતા યુકત શિક્ષણ માટે
દરેક કલાસરૂમમાં મર્યાદિત સંખ્યા..
સમગ્ર ગુજરાત રાજ્યમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહ
સંસ્થા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
વર્ષ : ૨૦૦૩ થી વર્ષ : ૨૦૨૪ સુધી કુલ ૩૦ વખત ગુજરાત બોર્ડમાં
૧૦૦% પરિણામ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી શાળા
100 % H.S.C. BOARD 2024 Result
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય- આટકોટ
ગુજરાતી માધ્યમ - સામાન્ય પ્રવાહ ધો.૧૧-૧૨
ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં 100% પરિણામ...
આપણા સૌની સ્કૂલ...!
1 સાવલીયા રેન્સી હરેશભાઈ 99.14 PR
2 વાવલીયા રાજવી વિજયભાઈ 99.08 PR
2 પાંભર કરીના પરસોતમભાઈ 99.08 PR
3 ભાદાણી જાનવી ગોપાલભાઈ 98.71 PR
3 મકવાણા સેજલ માધાભાઈ 98.71 PR
સમગ્ર ગુજરાત રાજ્યમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ
100 % H.S.C. BOARD 2024 Result
ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૦૦% પરિણામ...
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય- આટકોટ
1 ભાલોડિયા ખુશી ભાવેશભાઈ 91.85 PR
2 ત્રિવેદી નિરાલી નીતાબેન 91.05 PR
3 મેણિયા પ્રિયંકા વિજયભાઈ 90.11 PR
100 % S.S.C. BOARD 2024 Result
સમગ્ર ગુજરાત રાજ્યમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ
ધો. ૧૦માં ૧૦૦% પરિણામ...
માતૃશ્રી એસ.ડી.માધ્યમિક કન્યા શાળા - આટકોટ.
1 રાજાણી રૈના રમેશભાઈ 95.96 PR
2 સિસોદીયા ધરાકુંવરબા મુળરાજસિંહ 95.67 PR
3 ડામોર ધ્રુવી અર્જુનસિંહ 94.77 PR
4 અણિયાળીયા સાધના ઈશ્વરભાઈ 93.45 PR
4 પલાળિયા જ્યોતિકા રાજેશભાઈ 93.45 PR
5 માકડિયા વિશ્વા જીતેશભાઈ 92.93 PR
શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ.
ધો. ૪ થી ૮ સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ
શ્રી એલ.એચ.રામાણી પ્રાયમરી સ્કૂલ- આટકોટ
(સ્વનિર્ભર ઈંગ્લીશ મીડિયમ શાળા)
જુન ૨૦૨૪ થી પ્રવેશ શરૂ...
Play House, L.K.G., H.K.G.,
Std. 1 to 5 Std 6 to 8
કેરેલીયન સ્ટાફ દ્વારા શિક્ષણ
☎ +91 94269 61132 / 96872 03855 / 94272 31583 / 99745 93155

તંત્રી લેખ..

ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રષ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે.

હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે.

આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર કેન્દ્રિત પ્રસિદ્ધ અમેરિકન મેગેઝિન ફોરેન પોલિસીમાં પ્રકાશિત થયેલા એક લેખમાં

મધ્ય પૂર્વમાં “મહત્વપૂર્ણ રાષ્ટ્ર” તરીકે ભારતના ઉદયને છેલ્લાં થોડાં વર્ષોમાં આ વિસ્તારમાં સૌથી વધુ રસપ્રદ ભૂરાજકીય ઘટનાઓ પૈકીની એક તરીકે ગણાવવામાં આવી છે.

મધ્ય પૂર્વમાં ‘મહત્વપૂર્ણ રાષ્ટ્ર’તરીકે ભારતનો ઉદય થયો છે: અમેરિકાનાં મેગેઝિન ફોરેન પોલિસીમાં દાવો

મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ, સાઉદી અરેબિયા અને યુએઇ સહિત મહત્વપૂર્ણ દેશો સાથે ભારતનાં સંબંધો સતત વિકસી રહ્યાં છે અને વધારે ગાઢ થઈ રહ્યાં છે.

આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર કેન્દ્રિત પ્રસિદ્ધ અમેરિકન મેગેઝિન ફૉરેન પોલિસીમાં પ્રકાશિત થયેલા એક લેખમાં મધ્ય પૂર્વમાં “મહત્વપૂર્ણ રાષ્ટ્ર” તરીકે ભારતના ઉદયને છેલ્લાં થોડાં વર્ષોમાં આ વિસ્તારમાં સૌથી વધુ રસપ્રદ ભૂરાજકીય ઘટનાઓ પૈકીની એક તરીકે ગણાવવામાં આવી છે. આ લેખમાં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે કે, મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ, સાઉદી અરેબિયા અને યુએઈ સહિત મહત્વપૂર્ણ દેશો સાથે ભારતનાં સંબંધો સતત વિકસી રહ્યાં છે અને વધારે ગાઢ થઈ રહ્યાં છે. તેમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, ભારતનાં મહત્વમાં વધારો આંતરરાષ્ટ્રીય સ્થિતિસંજોગોમાં પરિવર્તન તથા નવી બહુધ્રુવીય દુનિયામાંથી લાભ લેવાની આ દેશોની ઈચ્છા અને કદાચ તેમની આતુરતાને પણ પ્રતિબિંબિત કરે છે. આ લેખના લેખક સ્ટીવન એ કૂકે દલીલ કરી છે કે, આ પ્રકારનાં ઘટનાક્રમમાં અમેરિકા બહુ ઓછી અસરકારક ભૂમિકા ભજવી શકે છે, પરંતુ કદાચ એમાંથી વિરોધાભાસી રીતે ફાયદો મેળવી શકે છે. “જો મધ્ય પૂર્વમાંઅમેરિકાનાં ભાગીદાર દેશો અમેરિકાનાં વિકલ્પનો વિચાર કરતાં હોય, તો ભારત તેમાં મોખરાનું સ્થાન ધરાવે છે એ વધારે સારી બાબત છે.” લેખકે ભારપૂર્વક જણાવ્યું છે કે, “અમેરિકા આ વિસ્તારમાં હવે સૌથી વધુ શક્તિશાળી મહાસત્તા તરીકે તેનું સ્થાન ન જાળવી શકે એવું બની શકે છે, પણ જ્યાં સુધી મધ્ય પૂર્વમાં ભારતનો પ્રભાવ વધતો રહેશે, ત્યાં સુધી રશિયા કે ચીન, બેમાંથી કોઈ પણ અમેરિકાનું સ્થાન નહીં લઈ શકે કે એના જેવી ભૂમિકા નહીં ભજવી શકે.” આ લેખમાં લેખકે લગભગ એક દાયકા અગાઉ લીધેલી ભારતની પોતાની મુલાકાતને યાદ કરીને જણાવ્યું છે કે, ઊડીને આંખે વળગે એવી વાત એ હતી કે, એ સમયગાળામાં ભારતીયો મધ્ય પૂર્વમાં મોટી ભૂમિકા ભજવવા ઈચ્છતાં નહોતાં. તેમણે જણાવ્યું હતું કે, જોકે તેમની આ મુલાકાતનાં ૧૦ વર્ષમાંસ્થિતિસંજોગો બદલાઈ ગયા છે. કૂકે લખ્યું હતું કે, “જ્યારે અમેરિકાના અધિકારીઓ અને વિશ્લેષકો ચીનના દરેક રાજદ્વારી પગલાં પર બારીક નજર રાખી રહ્યાં છે તેમજ મધ્ય પૂર્વમાં ચીનનાં રોકાણને શંકાને નજરે જુએ છે, ત્યારે વોશિંગ્ટને આ વર્ષોમાં અહીં સૌથી વધુ રસપ્રદ ભૂરાજકીય ઘટનાક્રમો પૈકીની એકને નજરઅંદાજ કરી છે: મધ્ય પૂર્વમાં મહત્વપૂર્ણ પ્રભાવશાળી પરિબળ તરીકે ભારતનો ઉદય.” લેખમાં જણાવવામાં આવ્યું હતું કે, જ્યારે ખાડીનાં દેશોની વાત આવે છે, ત્યારે સંયુક્ત આરબ અમિરાત અને સાઉદી અરેબિયા ઝડપથી ભારત સાથે સંબંધોને ગાઢ બનાવવાની વિવિધ રીતો શોધી રહ્યાં છે. લેખમાં ઉમેરવામાં આવ્યું છે કે, આ એક મહત્વપૂર્ણ પરિવર્તન છે, કારણ કે બંને દેશો, ખાસ કરીને સાઉદી અરેબિયા, લાંબા સમયથી પાકિસ્તાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તેમાં નોંધવામાં આવ્યું છે કે, ભારત તરફ ઝુકાવનું કારણ આંશિક રીતે ઇસ્લામિક કટ્ટરવાદને નિયંત્રણમાં રાખવાના સહિયારા હિતમાં રહેલું છે, પરંતુ મુખ્ય કારણ ભારત સાથે સંબંધોમાં રહેલાં આર્થિક હિતો છે.

લેખમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત અને આ બને દેશો વચ્ચે વધી રહેલાં આર્થિક સંબંધો આ વાતનોપુરાવો છે. લેખમાં ઈઝરાયેલ સાથે ભારતનાં ગાઢ સંબંધો વિશે જણાવવામાં આવ્યું હતું કે, આ સંબંધો કદાચ મધ્ય પૂર્વમાં ભારતનાં સૌથી સારી રીતે વિકસેલા સંબંધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૭માં ઈઝરાયેલની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યાં પછી તથા એનાં એક વર્ષ પછી ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતાન્યાહૂએ ભારતની મુલાકાત લીધા બાદ બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સંબંધો ઝડપથી વિકસી રહ્યાં છે, ખાસ કરીને અદ્યતન ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રોમાં. કૂકે જણાવ્યું છે કે, અગાઉ ભારતનો વ્યવસાયિક સમુદાય ઈઝરાયેલમાં રોકાણ કરવાનું ટાળતો હતો, ખાસ કરીને દેશનાં નાનાં બજાર અને વિવાદાસ્પદ રાજકારણને ધ્યાનમાં રાખીને (ભારતમાં ઘણા લોકો માટે). તેમણે ઉમેર્યું છે કે, હવે આ ભારતીય સમુદાયમાં પણ ઈઝરાયેલ પ્રત્યેનો અભિગમ બદલાઈ શકે છે. લેખમાં જણાવવામાં આવ્યું હતું કે, અદાણી ગ્રૂપ અને એનાં ઈઝરાયેલનાં ભાગીદારે વર્ષ ૨૦૨૨માં ૧.૨ અબજ ડોલરમાં હાઈફા પોર્ટનું ટેન્ડર મેળવ્યું હતું તથા ભારત અને ઈઝરાયેલ વચ્ચે મુક્ત વેપાર સમજૂતી માટે પણ વાટાઘાટો ચાલી રહી છે. લેખમાં ઉમેરવામાં આવ્યું હતું કે, “ચોક્કસ, ભારત અને ઇઝરાયેલ વચ્ચેનાં સંબંધો જટિલ છે. ભારતે પેલેસ્ટાઈનવાસીઓને સતત સમર્થન આપ્યું છે; ઈરાન સાથે પણ ભારત મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે, જેની પાસેથી ભારત મહત્વપૂર્ણ જથ્થામાં ઓઈલની ખરીદી કરે છે; અને ભારતનો ભદ્ર વર્ગ પોતાનાં દેશનાં સંસ્થાનવાદી અનુભવની દ્રષ્ટિએ ઈઝરાયેલને જુએ છે.” મોદીએ તાજેતરમાં ઈજિપ્તની બે દિવસની મુલાકાત લીધી હતી. એનો સંદર્ભ ટાંકીને લેખ જણાવે છે કે, તમામ દ્રષ્ટિએ ભારત અને ઈજિપ્ત વચ્ચે ગાઢ થઈ રહેલાં સંબંધોમાં આ મુલાકાત એક નવું પ્રકરણ હતું. આ મુલાકાતનાં છ મહિના અગાઉ ભારતનાં ૭૪મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સિસિ ગેસ્ટ ઓફ ઑનર બન્યાં હતાં – જે ઈજિપ્તમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં પછી તેમની ભારતની ત્રીજી મુલાકાત હતી. લેખમાં ઉમેરવામાં આવ્યું હતું કે, ચીનની જેમ ભારત પણ પોતાની ચીજવસ્તુઓનીનિકાસ આફ્રિકા અને યુરોપમાં કરવા ઈજિપ્તને પ્રવેશદ્વાર ગણે છે. લેખકે લખ્યું છે કે, ચીન સાથે મહાસત્તાની સ્પર્ધાનાં દ્રષ્ટિકોણથી આ વિસ્તારમાં ભારતની વધતી ભૂમિકાથી અમેરિકાનાં નીતિનિર્માતાઓ અને વિશ્લેષકો ખુશ છે. લેખમાંજણાવવામાં આવ્યું છે કે, મધ્ય પૂર્વમાં ચીનનાં વધતા પ્રભાવને નિયંત્રણમાં રાખવા ભારત વધારે સહાયક બનશે.

ઓફિસમાં લાંબા સમય સુધી બેસતા લોકોને આવરીને અભ્યાસ...

લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે આ અભ્યાસના તારણ ઇંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે

લાંબા સમય બેસવાથી મેમરી લોસ

લાંબા સમય સુધી બેસતા લોકોના દિમાગના આરોગ્યને નુકસાન થાય છે : સતત બેસી રહેવાની બાબત સ્મોકિંગ જેમ જ ખુબ ખતરનાક છે

જો તમે ઓફિસ પર સિટિંગ જોબ કરી રહ્યા છો તો તમને થોડીક સાવધાની રાખવાની જરૂર છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં કેટલાક નુકસાન રહેલા છે. આના કારણે મેમરી નોસ પણ થઈ શકે છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની નોકરીના કારણે દિમાગમાં લોહીના સંચારને ધીમે કરી દેવામાં ભૂમિકા અદા કરે છે. તેના પરિણામ ખુબ ઘાતક હોઈ શકે છે. હાલમાં ઓફિસમાં કલાકો સુધી એક જગ્યા બેસીને કામ કરનાર લોકોને આવરી લઈને અભ્યાસ કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. જે ઘાતક છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે લાંબા સમય સુધી બેઠા રહેવાની બાબત દિમાગના આરોગ્ય માટે નુકસાનકારક છે. પરંતુ જો વચ્ચેના ગાળામાં અડધા કલાક ઉભા થઈને બે મિનિટ માટે ફરી તો તેના કારણે ફાયદો થાય છે. જેના કારણે દિમાગમાં લોહીના સંચારમાં વધારો થાય છે. દિમાગમાં લોહી સંચાર થવાની બાબત સામાન્ય પ્રક્રિયા તરીકે છે. જે લાઈફ માટે ખુબ જ જરૂરી છે. તેના કારણે જ બ્રેઈન ઓળખવાનુ કામ કરે છે. દિમાગની કોશિકાને પણ લોહી અને ઓક્સીજન તેમજ પોષક તત્વોની જરૂર હોય છે. જે લોહીના કારણે તેને મળે છે. આ ઉપરાંત દિમાગમાં કેટલીક અન્ય રક્ત વાહીનિ પણ હોય છે. જે માથાને લોહી પહોંચાડી દેવાનુ કામ કરે છે. પરંતુ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહીને કામ કરવાની સ્થિતીમાં નુકસાન થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં આ પ્રક્રિયાને અસર થાય છે. આના પહેલા માનવી અને પ્રાણીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દિમાગમાં જો લોહીના સંચારમાં થોડીક પણ અડચણો આવે તો વિચારવાની ક્ષમતા પર સીધી અસર થાય છે. મેમરી પર પ્રભાવ થાય છે. જ્યારે લાંબા સમય સુધી અટકી જવાની સ્થિતીમાં દિમાગ સંબંધિત બિમારીને જન્મ આપવાનો ખતરો વધી જાય ચે. તેમાં ડિમેન્શિયા અને મેમરી લોસનો ખતરો રહે છે. લાંબા સમય સુધી બેઠા રહેવાને લઈને કેટલાક અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સતત બેઠા રહેવાની સ્થિતીમાં શરીરના તમામ હિસ્સામાં લોહીના સંચારમાં અસર થાય છે. આમાં સૌથી વધારે અસર પગમાં થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે.

વૃક્ષનાં મૌનમાં માનવતાની સુગંધ, હરખનાં ગીતનું સ્પંદન...



મન ઉપવન

મુકેશ આંજણા

ઈશ્વર અને વૃક્ષમાં ઘણો ફરક નથી.વૃક્ષ એ જોઈ શકાય તેવું ઈશ્વરનું સ્વરૂપ છે. સદીઓથી વૃક્ષ મૌન છે. ઈશ્વરની પૂજા-આરાધના કરીએ છીએ. જેવી રીતે વૃક્ષની પણ આપણે પૂજા-આરાધના કરતાં રહેવું જોઈએ. મૌન હોવું એમાં દેવત્વનો ગુણ હોય છે. દેવત્વનો ગુણ હોય ત્યાં માનવતાનું ધામ હોય છે. વૃક્ષનાં મૌનમાં માનવતાની સુગંધ છે, હરખાંના ગીતનું સ્પંદન છે. મૌન અને માનવતાનો સમન્વય થાય ત્યારે માણસ વિનય બને છે. મૂળ વાત કરવી છે વૃક્ષની સુંદરતા વિશે વૃક્ષએ કરૂણાની મૂર્તિ છે. વૃક્ષ કોઈ દિવસ ચીસ પાડતું નથી કે કોઈ દિવસ ફરિયાદ કરતું નથી. વૃક્ષને કોઈ દિવસ અણગમો આવ્યો હોય તેવું સાંભળ્યું નથી ! વૃક્ષ સર્વધર્મનું પ્રતિક છે, બધાને સમાન આદરભાવ આપે છે. મા પીતાના બાળકને જેટલો પ્રેમ કરે છે. એટલો વૃક્ષ પક્ષીઓને પ્રેમ કરે છે. વૃક્ષ પંખીઓનું સંસ્કારથી શોભિત ઘર છે. પંખીઓ મનફાવે તેમ વૃક્ષની ડાળી પર બેસીને ખુશીનાં ગીત ગાઈ શકે છે. જગતનાં ઘમા માણસો જીવન જીવવાનો જુસ્સો ગુમાવી બેસે છે. જીવનના આંગણાની લીલાશ ખોઈ બેસે છે ખૈર, માણસની દૃષ્ટિ ગલત છે વૃક્ષની સામે દૃષ્ટિ કરી છે ? કેટલું બધુ સહન કરીને છાંયડો આપે છે, પાંદડા ખુશીથી મલકાતાં રહે છે. વૃક્ષે માણસ જાત પર ઘણો ઉપકાર કર્યો છે. તે વિજ્ઞાન સારે પેઠે જાણે છે. વૃક્ષમાં સુખનું સંગીત છે. સારા વિચારપોનો ખજાનો છે. સહન શક્તિનો ભંડાર છે. વૃક્ષમાં નિખાલસતા છે. પાંદડે-પાંદડે કોમળતા છે. માનવતાપણાનું તેજ છે. વરસાદની મોસમ ચાલે છે. વરસાદ વરસે એ જોઈ શકાય તેવો મચત્કાર છે. વરસાદની ઋતુમાં ઘણી બધી બાબતો નિહાળવા જેવી છે. કોઈ દિવસ વરસતા વરસાદમાં પલળતું વૃક્ષ જોયું છે ? ઘરની બારીમાંથી વરસાદ વરસ્યા પછી વૃક્ષનું રૂપ જોયું છે ? વરસાદની ઋતુમાં વૃક્ષ પોતાના કુટુંબ સાથે મુસ્કુરાતું હોય છે. જીવન વૈભવનાં ગીત ગાતું હોય છે. વરસાદની ઋતુમાં વૃક્ષ આત્માની પવિત્રતાનો ખ્યાલ આપે છે. બરાબર એકીટસે વૃક્ષ સામે જોશો તો ખ્યાલ આવશે કે તે કેટલું માસૂમ છે. કેટલું સત્યપ્રિય છે. વરસાદની ઋતુમાં પલળવાની સાથે બીજું ઘણું બધું જોવા મળે છે. વરસાદ વરસ્યા પછી વૃક્ષનાં પાંડદાં પરથી પાણીનાં બુંદ નીચે પડે તેમાં પ્રકૃતિતત્વ સમાયેલું છે. વૃક્ષ રોમેરોમ વરસાદમાં ભીંજાય છે ત્યારે ઉત્સવનો તિમિર ચારેબાજુ ફેલાય છે. વૃક્ષ સુંદરતાનો બગીચો છે. સૌંદર્યની મીમાંશા છે. વરસાદની ઋતુમાં વૃક્ષની સુંદરતા જોવાનું ચૂકી જનારા માણસોને કયા ઉપનામથી નવાજવા તે વિચારવાનું રહ્યું. વરસાદ વરસ્યા પછી વૃક્ષની સુંદરતા જે માણસો જોતા નથી તે લોકો જીવનમાં ઈશ્વરનાં દર્શન કરવાનો લ્હાવો ગુમાવે છે. વૃક્ષ પાસે આશીર્વાદ આપવા માટે શબ્દો હોય છે. વરસાદની ઋતુમાં વૃક્ષ પાસે હર્ષ-ઉલ્લાસનાં ગીતો હોય છે. જિંદગી ઘણી વખત દુઃખનાં કશકથી ઊભરાઈ જાય છે. આખરે માણસ વિચારે છે, અથાગ મહેનત કરે છે, પૈસા કમાય છે, જીવનની મંઝિલ સુધી પહોંચવાની કોશિશ કરે છે, છતાં આત્મશાંતિ કેમ ઈચ્છે છે ? વૃક્ષ પાસેથી આત્મશાંતિ મળે છે. જીવનની સાચી મૂંડી આત્મશાંતિ છે. અંગ્રેજી ઓથર રસ્કિન બોર્ડએ કહ્યું છે, ‘લાઈફમાં ઘણી વખત ચિંતામાં ડૂબી જાઉં છું અને દુનિયા સાથે મારો સંબંધ નકામો લાગવા માંડે ત્યારે મને જગત વહાલું લાગવા માંડે છે અને આત્મશાંતિ મળે છે.’ ધરતીનું રૂપ વૃક્ષમાં છે. વૃક્ષ હોય ત્યાં ધરતીની બ્યુટીમાં વધારો થાય છે. જે લોકોના ઘરની સામે વૃક્ષ ન હોય તેવા માણસોને શું કહેવું તે અઘરું છે. વૃક્ષની સેવા થવી જોઈએ. સેવા થાય ત્યાં માનવતાનાં મૂળ આપમેળે મજબૂત થાય છે. વૃક્ષમાં સ્વાર્થ નથી. સ્વાર્થ ન હોય ત્યાં પ્રેમ હોય છે. પ્રેમ છે ત્યાં બધુ છે. રવિન્દ્રનાથે પોતાના પુસ્તક ‘ફાયર ફલાઈઝ’માં લખ્યું છે, ‘વૃક્ષોનો હું આભારી છું. એમણે મારી જિંદગી સફળ બનવી છે. જેણે મને લીલોછમ રાખ્યો છે.’ વૃક્ષની ભાષામાં માનવતા છે સેવા કરવાનો ભાવ છે. સેવા કરવાનો ભાવ હોય ત્યારે માનવતાનાં દીવો પ્રગટી ઉઠે છે. માનવતાનો દીવો પ્રગટે છે ત્યાં વહાલનો દરિયો રેલાય છે. વૃક્ષનાં પાંદડાઓમાં ઘણું બધુ જોવા લાયક છે. પાંદડાંમાં ખુશ રહેવાનો સ્વભાવ છે, રૂપાળુ, સંસ્કારી અને લાગણીથી છલોછલ ઘર છે. વૃક્ષનો પણ એક પરિવાર છે. દરેક સભ્યમાં માનવતાની સુગંધ ભરેલી છે. થડ પાસે ભાર કેવી રીતે ઉચકવો તેનું નોલેજ છે. વૃક્ષ ઘણું શાંત છે. રાત્રિનાં સમયમાં વૃક્ષનું શાંતચિત્ત જોવા જેવું છે. તેમાં ધીમે ધીમે સુરીલા સંગીતનો અવાજ સંભળાશે. રાત્રિવેળાએ વૃક્ષ ઈશ્કનાં ગીતો ગાય છે. પવનના સુસવાટા સાથે રાત્રિના સમયમાં વૃક્ષ પ્રેમમાં ગળાડૂબ હોય છે. રાત્રિનાં સમયમાં વૃત્ર એકબીજી ડાળી સાથે વાત કરે છે. પ્રેમનો સ્પર્શ કરે છે. ખુશીથી જીવન વીતાવે છે. ઈશ્વરની ઈબાદત કરે છે. મૌન રહી વિશ્વ માનવનું પથદર્શક બને છે. વૃક્ષ એટલે બીજું કંઈ નહીં પણ બધા ધામનાં દર્શન કરી શકાય તેવું ધામ છે. કવિ સુરેશ દલાલે મંગેશ પાણાંવકરનાં કાવ્યો અનુવાદ કર્યા છે. જેમાં વૃક્ષ વિશેનું કાવ્ય છે. ‘વૃક્ષ પંખી સાથે ખોટું બોલે નહીં, એથી જ તો વૃક્ષને ફૂલે આવે છે. જેમનું હૃદય વૃક્ષાનું તેમને જ ફક્ત ફૂલો આવે છે. તેજ ફક્ત ગુચ્છા જેવા ચોમાસાને સૂંઘીલે, વૃક્ષ એ સત્યપ્રિય છે. વરસોથી વૃક્ષ સત્ય બોલતું આવે છે. વૃક્ષનાં સ્વભાવમાં જૂઠ નથી. વૃક્ષનાં સ્વભાવમાં પોતે ખુદ દુઃખ સહન કરીને બીજાને સુખ આપવાનો ગુણ રહેલો છે. વૃક્ષ કોઈ દિવસ પંખીઓને જાકારો આપતું નથી. કારણ કે વૃક્ષનો સ્વભાવ આસરો આપવાનો છે. જૂઠ ન બોલનાર સુગંધીદાર હોય છે. વૃક્ષ જેવું હૃદય છે તેવા માણસો પ્રેમ કરવા લાયક બને છે. ગામડાંનો માણસ ઉનાળાની બપોર વિશે બરાબર જાણતો હશે. રંગીલા રાજસ્થાનમાં ક્યાંક બાવળ કે ખેડજો દેખાય એને મજૂરી કરીને પોતાનું પેટ ભરનાર મજૂરો પોતાનાં નાનાં બાળનું ઘોડીયું વૃક્ષની ડાળી પર બાંધે છે. વૃક્ષ નાના બાળકને જાણે હાલરડાં સંભળાવતું હોય છે. વૃક્ષ પાસે ઉપદેશની કિતાબ છે, જ્ઞાનની નદી છે, સદ્ભાવ વૃક્ષનું સત્ય છે. ઉનાળામાં પક્ષીઓને વૃક્ષ ઠંડક આપે છે, વટેમાર્ગુ માટે સંગાથનો સહારો બને છે. વૃક્ષ બીજાને સુખ આપવામાં કર્મ માને છે. એટલે તે માનવતાનું મંદિર છે. વૃક્ષ એ પ્રકૃતિની નાભિ છે. પ્રકૃતિ સર્વ આનંદ આવી જાય છે. અમેરિકામાં ઈ.સ.૧૮૧૭ થી ૧૮૬૨ વચ્ચે મહાન ફિલોસોફર હેનરી ડેવિડ થોરો થઈ ગયો. થોડો બનાવટીપન અને ઘણી બધુ રૂઢિયોનો સખત વિરૂદ્ધ હતો. એક દિવસ ભીડ ભર્યું શહેર છોડીને વોલ્ડન, સરોવર પાસે રહેવા આવી જાય છે. સરોવરની આસપાસ કુદરતી નજરો છે. ઘટાદાર વૃક્ષો ઉભા છે. પોતાની જગપ્રસિદ્ધ કિતાબ ‘વોલ્ડન’માં લખ્યું છે, ‘માણસ પ્રકૃતિ પાસેથી જીવન જીવવાની પદ્ધતિ શીખી શકે છે. માણસ પ્રકૃતિની ઉદારતા ઓળખી લે તો જીવનમાં ભરપુર આનંદ માણી શકે છે. વૃક્ષની જોડે વાત કરવાથી હૃદયમાં સુખની અનુભૂતિ થાય છે.’ ... હા, હોસ્ટેલની બારીએથી દરરોજ વૃક્ષ જોવું છું. વૃક્ષનાં દર્શન કરીને ધન્યતા અનુભવું છું. ઈશ્વરનું બાળક છે તેવું મને લાગ્યા કરે છે. વૃક્ષ વિશે લખવા બેસું તો શબ્દ ઓછા પડે. હવે મૂળ વાત પર આવીને કમસીબની વાતએ છે કે વૃક્ષો કપાતા જાય છે. ભૌતિકવાદનાં માહોલ છે. વૃક્ષનો સરેઆમ દુરઉપયોગ થાય છે. વૃક્ષએ આપણી સંસ્કૃતિનું અસ્તિત્ત્વ છે. સંસ્કૃતિનું અસ્તિત્ત્વ અલોપ થતું જાય ત્યારે બેચે છે શું ? વૃક્ષનો ઉછેર કરવો જોઈએ. આપણે બધાને ભાગીદાર થવું પડશે. વૃક્ષની માવજત કરવી પડશે. બસ, આજથી સંકલ્પ કરો જીવનમાં કોઈ પણ સંજોગે એક વૃક્ષનો ઉછેર કરીશું. વૃક્ષનો છોડ રોપવા માટે બેસ્ટ ઓફ લક.

Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- ✓ LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- ✓ TASK AND RESEARCH BASED TRAINING
- ✓ 100 % PLACEMENT ASSISTANCE
- ✓ LIVE PROJECTS
- ✓ INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

☎ 91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિએ ઘરે જઈને પૂર્વ પીએમને શ્રદ્ધાંજલિ આપી

મનમોહન સિંહના નિધનથી દેશમાં શોકની લહેર

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર યુપીમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર । મુખ્યમંત્રી યોગી સહિતના નેતાઓએ પૂર્વ વડાપ્રધાનને શ્રદ્ધાંજલિ આપી

। નવીદિલ્હી, તા.૨૭ ।

ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે ગુરુવારે ૯૨ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું. તેમના નિધનના સમાચારથી સમગ્ર દેશમાં શોકની લહેર છવાઈ ગઈ છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય મંત્રીઓ,સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત વિવિધ પક્ષોના નેતાઓએ દિવંગત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના ઘરે પહોંચ્યા હતા અને પૂર્વ વડાપ્રધાનને શ્રદ્ધાંજલિ આપી હતી આ દરમિયાન મનમોહન સિંહના પત્ની ગુરશરણ કૌર હાજર હતા.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિવાસસ્થાને જઈને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે તેમના પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.



હિમાચલ પ્રદેશમાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી

દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના નિધન પર હિમાચલ પ્રદેશે રાજ્યમાં ૨૭ અને ૨૮ ડિસેમ્બરે બે દિવસની રજા જાહેર કરી છે. આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારની તમામ કચેરીઓ, બોર્ડ, નિગમો અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. આ ઉપરાંત દૈનિક વેતન કર્મચારીઓને પણ આ દિવસો માટે પગારની સાથે રજા આપવામાં આવશે.હિમાચલ પ્રદેશના ગૃહ વિભાગના સંયુક્ત સચિવ પ્રવીણ કુમાર ટાક દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં લખવામાં આવ્યું છે કે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર કેન્દ્ર સરકાર દ્વારા ૨૬ ડિસેમ્બરથી સાત દિવસનો રાજ્ય શોક જાહેર કરવામાં આવ્યો છે.

ઘણા નેતાઓએ પૂર્વ પીએમના નિધન પર શ્રદ્ધાંજલિ આપીને શોક વ્યક્ત કર્યો

વિશ્વભરના ઘણા નેતાઓએ પૂર્વ પીએમના નિધન પર શ્રદ્ધાંજલિ આપીને શોક વ્યક્ત કર્યો છે. માલદીવ અને અફઘાનિસ્તાન સહિતના પડોશી દેશોના નેતાઓએ તેમના યોગદાન અને તેમના દેશો સાથે સારા સંબંધો બનાવવા પર પ્રકાશ પાડ્યો છે.રશિયાએ પણ પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ઊંડી શોક વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ડૉ. મનમોહનનું નિધન એ ભારત અને રશિયા માટે અત્યંત દુઃખ અને શોકની ક્ષણ છે. (એચ.એસ.એલ), તેમણે ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં ડૉ.મનમોહન સિંહના યોગદાનને પણ યાદ કર્યું.

દુનિયાભરના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે નિધન થયું છે. આ સમાચારને કારણે ભારત સહિત સમગ્ર વિશ્વમાં શોકની લહેર જોવા મળી રહી છે, જેના કારણે વિશ્વભરના ઘણા નેતાઓએ પૂર્વ પીએમના નિધન પર શ્રદ્ધાંજલિ આપીને શોક વ્યક્ત કર્યો છે. માલદીવ અને અફઘાનિસ્તાન સહિતના પડોશી દેશોના નેતાઓએ તેમના યોગદાન અને તેમના દેશો સાથે સારા સંબંધો બનાવવા પર પ્રકાશ પાડ્યો છે. તો ચાલો જાણીએ કોણે શું કહ્યું.અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ એક પોસ્ટમાં કહ્યું કે ભારતે તેના સૌથી પ્રતિષ્ઠિત પુત્રોમાંથી એક ગુમાવ્યો છે. તેમણે ભૂતપૂર્વ વડા પ્રધાનના નિધન પર ઊંડી શોક વ્યક્ત કરી, તેમને અફઘાનિસ્તાનના લોકોના અતૂટ સાથી અને મિત્ર તરીકે વર્ણવ્યા.

મારી તુલના અલ્લુ અર્જુન સાથે ન કરો અમિતાભ બચ્ચન

। મુંબઇ, તા.૨૭ ।

પુષ્પા ૨ અને અલ્લુ અર્જુનનો ઉલ્લેખ આ દિવસોમાં દરેક જગ્યાએ થઈ રહ્યો છે. દરમિયાન, કૌન બનેગા કરોડપતિ ૧૬ ના તાજેતરના એપિસોડમાં, જ્યારે એક સ્પર્ધકે પુષ્પ ૨ સ્ટારનો ઉલ્લેખ કર્યો, ત્યારે હોસ્ટ અમિતાભ બચ્ચને કહ્યું કે તેમની સાથે મારી તુલના ન કરો. જો કે, તેણે આ વાત કોઈ અહંકારથી નહીં પરંતુ અભિનેતા અલ્લુ અર્જુનની પ્રતિભાના વખાણ કરતા કહ્યું. સુપરસ્ટારે જેમણે અત્યાર સુધી ફિલ્મ જોઈ નથી તેમને પુષ્પા ૨ ધ રૂલ જોવા કહ્યું. એપિસોડમાં કોલકાતાની ગૃહિણી રજની બરાનીવાલે અમિતાભ બચ્ચન અને અલ્લુ અર્જુનના વખાણ કર્યા હતા. બિગ બીએ પણ સ્પર્ધકોને અલ્લુ અર્જુન પ્રત્યેનો પ્રેમ જોઈને ચિડવ્યો હતો.આના પર સ્પર્ધક રજનીએ કહ્યું, સર, હું અલ્લુ અર્જુન અને તમારો ફેન છું.

રાજધાની દિલ્હીના ઘણા ભાગોમાં શુક્રવારે સવારે હળવો વરસાદ થયો

દિલ્હી-એનસીઆરના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ । કરા પડતાં ઠંડીમાં વધારો

દિલ્હી-એનસીઆરમાં વરસાદ અને કરાને કારણે ઠંડી વધી । હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શુક્રવારે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી નોંધાયું હતું

। નવીદિલ્હી,તા.૨૭ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના ઘણા ભાગોમાં શુક્રવારે સવારે હળવો વરસાદ થયો હતો. નોઈડામાં ઘણી જગ્યાએ કરા સાથે ભારે વરસાદ થયો હતો. આ સિવાય એનસીઆરના અન્ય ભાગોમાં પણ ઝરમર વરસાદ પડ્યો છે. દિલ્હી-એનસીઆરમાં વરસાદ અને કરાને કારણે ઠંડી વધી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શુક્રવારે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી નોંધાયું હતું.સવારે ૨:૩૦ થી સવારે ૫:૩૦ વાગ્યાની વચ્ચે દિલ્હીમાં ૧.૮ મિલીમીટર (મીમી) વરસાદ નોંધાયો હતો અને ત્યારથી સવારે ૮:૩૦ વાગ્યા સુધી ૭.૩ મીમી વરસાદ નોંધાયો હતો. પાલમ વેધર સ્ટેશનમાં ૧૧.૩ મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે લોધી રોડ પર ૬.૮ મીમી અને પુસામાં ૫.૫ મીમી વરસાદ નોંધાયો હતો.હવામાન

વિભાગે શુક્રવાર અને શનિવારે દિલ્હીમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. સ્થાનિક રહેવાસી દીપક પાંડેએ જણાવ્યું કે હવામાન સારું થઈ ગયું છે અને કાશ્મીર જેવું લાગે છે. હવામાન ઘણું ખુશનુમા બની ગયું છે અને તેમાં પ્રવાસ કરી શકાય છે. ઠંડી છે, પરંતુ વરસાદને કારણે પ્રદૂષણનું સ્તર ઘટી ગયું છે. તે જ સમયે, રમણ કુશવાહાએ કહ્યું કે તે ખૂબ જ ઠંડી છે. હળવો વરસાદ થયો છે પરંતુ આ સિઝનમાં સ્થળોની મુલાકાત લેવી સારી છે.

પ્રદુષણમાં પણ ઘટાડો થયો છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં હળવાથી મધ્યમ વરસાદ, વીજળીના કડાકા અને તેજ પવન સાથે વાવાઝોડાની તેમજ હળવા ધુમ્મસની શક્યતા છે. લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

કોરિયા માટે ખરાબ સમાચાર

યુક્રેનએ એક ઘાયલ ઉત્તર કોરિયાના સૈનિકને પકડી લીધો છે, તપાસ કરાશે

કિમ જોંગ માટે પોતાના સૈનિકને સુરક્ષિત બહાર લાવવું ઘણું મુશ્કેલ બની જશે

। કિવ, તા.૨૭ ।

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલ યુદ્ધ ઉત્તર કોરિયા માટે ખરાબ સમાચાર લઈને આવ્યું છે. યુક્રેને ઉત્તર કોરિયાના એક સૈનિકને પકડી લીધો છે. કિમ જોંગે રશિયાની મદદ માટે પોતાની સેના મોકલી છે. આ સૈનિકો યુક્રેન સામેના યુદ્ધમાં રશિયન સેનાની મદદ કરી રહ્યા છે. આમાંથી એક સૈનિક યુક્રેન પાસે ઘાયલ થયો છે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ આ વાતની પુષ્ટિ કરી છે. હવે કિમ જોંગ માટે પોતાના સૈનિકને સુરક્ષિત બહાર લાવવું ઘણું મુશ્કેલ બની જશે. યોનહાપ સમાચાર એજન્સીએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે યુક્રેનની વિશેષ દળોએ એક ઘાયલ ઉત્તર કોરિયાના સૈનિકને પકડી લીધો છે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ શુક્રવારે આ વાતની પુષ્ટિ કરી છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં આ પહેલી ઘટના છે જ્યારે ઉત્તર કોરિયાનો સૈનિક યુક્રેનના કબજામાં આવ્યો હોય.દક્ષિણ કોરિયાની જાસૂસી સંસ્થા નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, “મિત્ર રાષ્ટ્રની ગુપ્તચર સંસ્થા સાથેની વાતચીતમાં અમને જાણવા મળ્યું છે કે એક ઘાયલ ઉત્તર કોરિયાના સૈનિકને પકડી લેવામાં આવ્યો છે. અમે ત્યારપછીની ઘટનાની સંપૂર્ણ તપાસ કરવાનો ઈરાદો ધરાવીએ છીએ.” “યોજનાઓ બનાવી રહ્યા છીએ.” યોનહાપ ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર મિલિટ્રી નામના એક મીડિયા આઉટલેટે સૌથી પહેલા ગુરુવારે આ જાણકારી આપી હતી.

સિંઘમ અગેઇનની નિષ્ફળતાથી રોહિતનો પોલીસ બ્રહ્માંડ પરનો વિશ્વાસ તૂટી ગયો

। નવીદિલ્હી, તા.૨૭ ।

આ વર્ષે નવેમ્બરમાં રિલીઝ થયેલી રોહિત શેટ્ટીની ફિલ્મ ‘સિંઘમ ૩’ બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી હતી. આ ફિલ્મની નિષ્ફળતા પછી, તેણે કોપ બ્રહ્માંડમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે. હવે તે બાયોપિક બનાવવા જઈ રહી છે. જોકે બાયોપિક એક પોલીસ ઓફિસરની છે. આ ફિલ્મમાં જોન અબ્રાહમ લીડ રોલમાં હોવાના સમાચાર છે. જોન અબ્રાહમે પોતાની જાતને ઈન્ડસ્ટ્રીમાં એક્શન હીરો તરીકે સ્થાપિત કરી છે. તેમની ફિલ્મ ‘વેદ’ આ વર્ષે ઓગસ્ટમાં સ્વતંત્રતા દિવસના અવસર પર રિલીઝ થઈ હતી. તે બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ના કરી શકી. હવે તેના હાથમાં બાયોપિક આવી ગઈ છે. રોહિત શેટ્ટી દ્વારા બની રહેલી આ ફિલ્મમાં જ્હોન અબ્રાહમ પોલીસ ઓફિસરની ભૂમિકા ભજવશે. આ ફિલ્મ ભારતીય પોલીસ અધિકારી રાકેશ મારિયાની બાયોપિક છે.રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે.

અમેરિકન રાજ્ય ઓહાયોમાં હવે હિન્દુ વિદ્યાર્થીઓને દિવાળીની રજા મળશે

। વોશિંગ્ટન,તા.૨૭ ।

અમેરિકાના ઓહાયો રાજ્યમાં હવે હિન્દુ વિદ્યાર્થીઓને દિવાળીની રજા મળશે. આ સાથે, તે તેના ધાર્મિક તહેવારો પર એક શૈક્ષણિક સત્રમાં વધુ બે રજાઓ પણ લઈ શકશે. અમેરિકન રાજ્યના ભારતીય અમેરિકન ધારાસભ્યે આ જાહેરાત કરી છે. તેણે કહ્યું કે મારા દ્વારા લાવવામાં આવેલ બિલને પહેલા ઓહાયો સ્ટેટ હાઉસ અને સેનેટ દ્વારા પાસ કરવામાં આવ્યું હતું. હવે ઓહિયોના ગવર્નર માઈક ડીવાઈને તેને પાસ કર્યું છે.રાજ્યના સેનેટર નીરજ એન્ટનીએ કહ્યું કે નવા બિલને કારણે ઓહાયોમાં દરેક હિંદુ વિદ્યાર્થી ૨૦૨૫માં અને ત્યાર બાદ દિવાળી પર શાળામાંથી બે દિવસની રજા લઈ શકશે. ઓહાયોમાં હિન્દુઓ માટે આ અકલ્પનીય જીત છે. અમેરિકાના ઈતિહાસમાં ઓહિયો પ્રથમ રાજ્ય છે જ્યાં દરેક વિદ્યાર્થીઓને દિવાળીની રજા મળશે.તેમણે કહ્યું કે અમારા કાયદા હેઠળ વિદ્યાર્થીઓને વધુ ૨ ધાર્મિક રજાઓ લેવાની મંજૂરી આપવામાં આવશે. મતલબ કે ગુજરાતી હિંદુ વિદ્યાર્થી નવરાત્રી કે અન્નકૂટ માટે એક દિવસની રજા લઈ શકે છે.

ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી મસૂદ અઝહરને હાર્ટ એટેક આવ્યો

। નવીદિલ્હી,તા.૨૭ ।

મસૂદ અઝહરઃ ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશના નેતા મૌલાના મસૂદ અઝહરને હાર્ટ એટેક આવ્યો છે. તે અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં છુપાયેલો હતો. અહીં જ તેમને હાર્ટ એટેક આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલા બાદ તરત જ મસૂદ અઝહરને અફઘાનિસ્તાનથી પાકિસ્તાન લઈ જવામાં આવ્યો હતો. તેમને કરાચીની સંયુક્ત સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.અહેવાલો અનુસાર, કાર્ડિયોલોજિસ્ટ ઈસ્લામાબાદથી કરાચી પહોંચી રહ્યા છે. મસૂદ અઝહરને ખોસ્ત પ્રાંતના ગોરબાઝ વિસ્તારમાંથી પાકિસ્તાન મોકલવામાં આવ્યો હતો.

ઘણા લોકો ઘાયલ

હુમલાખોર જૂથે એરપોર્ટ પર શા માટે ગોળીબાર કર્યો તે હજુ સુધી પોલીસે જાહેર કર્યું નથી

અમેરિકાના ફિનિક્સ એરપોર્ટ ઉપર જોરદાર ગોળીબાર

। વોશિંગ્ટન,ત.૨૭ ।

અમેરિકાના ફિનિક્સ એરપોર્ટ પર જોરદાર ગોળીબાર થયાના સમાચાર છે. ગોળીબાર બાદ એરપોર્ટ પાર્કિંગ ગેરેજમાંથી એક પુરુષ શંકાસ્પદ અને એક છોકરીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, હુમલાખોર જૂથે એરપોર્ટ પર શા માટે ગોળીબાર કર્યો તે હજુ સુધી પોલીસે જાહેર કર્યું નથી. શું તેઓ મુસાફરી કરી રહ્યા હતા અથવા કોઈ અન્ય કારણોસર ત્યાં આવ્યા હતા.દરમિયાન,

ફોનિક્સના સ્કાય હાર્બર એરપોર્ટ પર કૌટુંબિક વિવાદને લગતી ઘટનામાં બે લોકો ગોળીબારમાં ઘાયલ થયા હતા અને અન્ય એક વ્યક્તિને છરો મારવામાં આવ્યો હતો. ફોનિક્સ પોલીસે જણાવ્યું હતું કે ટર્મિનલ ૪ માં સુરક્ષા ચોકીઓની બહાર સ્થિત એરપોર્ટ રેસ્ટોરન્ટમાં બુધવારે રાત્રે ૯:૪૫ વાગ્યે ગોળીબાર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર એક મહિલા અને બે પુખ્ત પુરૂષોને ગોળી વાગી હતી, જેના કારણે મહિલા ઘાયલ થઈ હતી, મહિલા મૃત્યુના ભયમાં હતી.

પોલીસ અધિકારીઓએ એરપોર્ટ પર થયેલા ગોળીબારની તપાસ શરૂ કરી દીધી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ગુરુવારે મહિલાની હાલત નાજુક રહી હતી. જ્યારે હોસ્પિટલમાં લાવવામાં આવેલા અન્ય ત્રણ લોકોને સારવાર આપી રજા આપવામાં આવી હતી. પોલીસે કાઉન્ટી પ્રોસિક્યુટર્સ સાથે પરામર્શ કર્યા પછી કહ્યું કે કોઈ ધરપકડ કરવામાં આવી નથી. તેમણે કહ્યું કે એરપોર્ટ પર ફાયરિંગની તપાસ ચાલુ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, લોકોનું જૂથ એકબીજાને ઓળખતું હતું અને તેમની વચ્ચે ઝપાઝપી થઈ હતી, જેના કારણે તેમાંથી એકે બંદૂક કાઢી અને હથિયાર ચલાવ્યું હતું. ફોનિક્સ પોલીસ સાર્જન્ટે કહ્યું, “હું માનું છું કે તે પારિવારિક વિવાદ હતો જે વધી ગયો હતો,” જોકે પોલીસે અગાઉ કહ્યું હતું કે આ ઘટનામાં ત્રણ લોકોને ગોળી વાગી હતી.

નવા વર્ષની શરૂઆત થોડા જ દિવસોમાં થવા જઈ રહી

જો કે, ઉજ્જૈનની પ્રતિષ્ઠિત વેધશાળાની આ આગાહી ભારતના ખગોળશાસ્ત્ર પ્રેમીઓને નિરાશ કરી શકે છે કે આમાંથી માત્ર એક જ ગ્રહણ દેશમાં દેખાશે

નવા વર્ષ ૨૦૨૫માં બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ । ભારતમાં માત્ર એક જ દેખાશે

। નવીદિલ્હી, તા.૨૭ ।

નવા વર્ષની શરૂઆત થોડા જ દિવસોમાં થવા જઈ રહી છે. નવું વર્ષ લોકોના જીવનમાં નવી ખુશીઓ અને ઉત્સાહ લઈને આવે છે. નવા વર્ષમાં એટલે કે ૨૦૨૫ માં, સૂર્ય, પૃથ્વી અને ચંદ્રની ગતિ વિશ્વને બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણના રોમાંચક દ્રશ્યો બતાવશે. જો કે, ઉજ્જૈનની પ્રતિષ્ઠિત વેધશાળાની આ આગાહી ભારતના ખગોળશાસ્ત્ર પ્રેમીઓને નિરાશ કરી શકે છે કે આમાંથી માત્ર એક જ ગ્રહણ દેશમાં દેખાશે.સરકારી જીવાજી વેધશાળાના અધિક્ષક ડૉ. રાજેન્દ્ર પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે નવા વર્ષમાં ગ્રહણની શ્રેણી ૧૪ માર્ચે પૂર્ણ ચંદ્રગ્રહણ સાથે શરૂ થશે. ગુપ્તાએ કહ્યું, ‘નવા વર્ષનું આ પ્રથમ ગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં, કારણ કે આ ખગોળીય ઘટના

ચંદ્ર ગ્રહણ vs સૂર્ય ગ્રહણ

સમયે દેશમાં દિવસનો સમય હશે. આ ખગોળીય ઘટના અમેરિકા, પશ્ચિમ યુરોપ, પશ્ચિમ આફ્રિકા અને ઉત્તર અને દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં જોવા મળશે.જીવાજી વેધશાળાના અધિક્ષક ડૉ. ગુપ્તાએ જણાવ્યું હતું કે ૨૯ માર્ચે થનારું આંશિક સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં. આ ગ્રહણ ઉત્તર અમેરિકા, ગ્રીનલેન્ડ, આઈસ લેન્ડ, ઉત્તર એટલાન્ટિક મહાસાગર, સમગ્ર યુરોપ અને ઉત્તર-પશ્ચિમ રશિયામાં દેખાશે.તેમણે કહ્યું, ‘ભારતીય ખગોળશાસ્ત્ર પ્રેમીઓ એ હકીકતથી ઉત્સાહિત થઈ શકે છે કે વર્ષ ૨૦૨૫ માં, ૭ થી ૮ સપ્ટેમ્બરની વચ્ચે થનારું સંપૂર્ણ ચંદ્રગ્રહણ દેશમાં જોઈ શકાશે. આ ગ્રહણ એશિયાના અન્ય દેશો તેમજ યુરોપ, એન્ટાર્કટિકા, પશ્ચિમ પ્રશાંત મહાસાગર, ઓસ્ટ્રેલિયા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં દેખાશે. ગુપ્તાએ કહ્યું કે ૨૦૨૫નું છેલ્લું ગ્રહણ ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરની વચ્ચે આંશિક સૂર્યગ્રહણ તરીકે થશે અને આ ખગોળીય ઘટના ભારતમાં દેખાશે નહીં.

ઓખા જેટી ખાતે અચાનક ક્રેન તૂટતાં સર્જાઈ ભયાનક દુર્ઘટના, ૩ શ્રમિકોના મોત

। દ્વારકા, તા. ૨૭ ।

ઓખા જેટી ખાતે ભયાનક દુર્ઘટના સર્જાઈ. આ દુર્ઘટનામાં ૩ શ્રમિકોના મોત થયા. ઓખા જેટી પર કોસ્ટગાર્ડની જેટી બનાવવાની કામગીરી દરમ્યાન આ ગોઝારી દુર્ઘટના બનવા પામી. જેટી બનાવવાની કામગીરી દરમ્યાન અચાનક ક્રેન તૂટી પડતા ત્યાં કામ કરનાર શ્રમિકો નીચે પાણીમાં પ ટકાયા. તો કેટલાક શ્રમિકોના ક્રેન નીચે દબાઈ જતા મોત નિપજ્યા. ઘટનાની માહિતી મળતાં જ કોસ્ટ ગાર્ડ, પોલીસ વિભાગની સાથે ૧૦૮ની ટીમ પણ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. અને શ્રમિકોને બચાવવાની કામગીરી હાથ ધરાઈ. મળેલ માહિતી મુજબ ઓખા જેટી પર કોસ્ટગાર્ડની જેટી બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેટી બનાવવા માટે અનેક શ્રમિકો કામ કરી રહ્યા છે. દરમ્યાન આ કામગીરીમાં અચાનક ક્રેન તૂટી પડતા અનેક શ્રમિકો તેની નીચે દબાઈ જતા ૩નું ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યું.

Jariwala HOLIDAYS PVT. LTD. | રામકૃષ્ણ આશ્રમ સામે, યાજ્ઞીક રોડ, રાજકોટ
માહિતી પત્રક માટે વોટ્સએપ કરવું : 91733 91333
ફેમીલી/કપલ ટુર્સ
AC 2X2 સ્લીપર-સીટીંગ બસ/રેલ્વે/ફ્લાઈટ દ્વારા
ગુજરાતી-પંજાબી-જૈન ભોજન
મિનરલ વોટર • સ્ટાર-ડીલક્ષ હોટલ
દિ.૮ ગોવા મ.બળેશ્વર-લોનાવાલા ઈમેજીકા
દિ.૧૨ મનાલી સિમલા ડેલહાઉસી
દિ.૧૨ કાશ્મીર વૈષ્ણોદેવી અમૃતસર
દિ.૧૦ હરિદ્વાર આગ્રા-દિલ્હી મથુરા
દિ.૮ પંચમઢી ઈન્દોર ઉજ્જૈન
દિ.૧૨ ચારધામ યાત્રા
દિ.૫ ગોવા એર પેકેજ
દિ.૯ સિક્કીમ દાર્જીલીંગ લાચુંગ
COMMERAD

|| किस्मत कुंडली ||
આપના જીવનનો નકશો

આપનું જીવન જાણે કેટલાય સંઘર્ષ, રૂકાવટો, અડચણ અને ચઢાવ-ઉતાર સાથે પસાર થયું હશે. પરંતુ તે વખતની ખાણીપીણી, રહેણીકરણી, ધાર્મિકતા, સહિષ્ણુતા અને ઉદારતા જેવા ગુણોને કારણે વિકટ પરિસ્થિતિને પાર પાડી શક્યા હશો, પરંતુ અત્યારના પરિપેક્ષમાં જોતા આજની પેઢી આ બધું સહન કરવાની ક્ષમતા ધરાવતી નથી તો તેમના જીવનને સરળ અને શાંતિપૂર્ણ બનાવવા માટે આ કિસ્મત કુંડળીને સહારે આપ તેમના કેરિયર અને ભાવિ જીવનના મહત્વના દરેક ક્ષેત્રે સરળતાથી પાસ થઈ શકે તે માટે કેટલીક વિગતો જાણવી જરૂરી બને જેમાં કિસ્મત કુંડળીના નીચેના મુદ્દાઓ મદદરૂપ થાય.

(દવેગુરૂજી)
University Certified International Astrologer.

- ઓવરઓલ ગ્રહ સ્થિતિ
- [illegible]
- શરીર બંધારણ
- સ્વાસ્થ્ય
- સ્વભાવ
- શિક્ષણ
- આર્થિક જીવન
- સામાજીક જીવન
- વૈવાહિક જીવન
- કૌટુંબિક જીવન
- રાજકીય જીવન
- ભાગ્યોદય
- સ્થાવર સુખ
- વિદેશ ગમન
- શુભ અંક
- શુભ વાર
- શુભ દિશા
- શુભ રત્ન
- શુભ રંગ
- શુભ તારીખ
- અશુભ તારીખ
- શુભ વર્ષ
- પ્રતિકૂળ વર્ષ
- શુભ રાશી
- અશુભ રાશી
- શુભ વ્યવસાય
- પ્રતિકૂળ વ્યવસાય
- વિશિષ્ટ સલાહ
- ઓવરઓલ જીવન
- માર્ગદર્શન

સંપર્ક : જ્યોતિષી ડૉ. આર.જે. દવે (વીંછીયાવાળા)
9, વ્રજભૂમિ, સોસાયટી, કૃષ્ણનગરની બાજુમાં, પીજ રોડ, નડિયાદ
દુનિયાના 20 થી વધુ દેશોમાં અસંખ્ય ગ્રાહક વર્ગ
વોટ્સએપ અને મોબાઈલ : +91 99740 92777

સેક્સ સમસ્યાઓનું પ્રભાવશાળી સમાધાન
ડાયબીટીશ, બી.પી.માં પણ લાભદાયક
જોશ જગાવે ધૂમ મચાવે
100% આયુર્વેદિક
અતિશીઘ્ર પરિણામ
18 થી 75 વર્ષ સુધી લાભદાયક
જોશ, તાકાત, ટાઈમિંગ, સ્ટેમિના, સાઈઝ વધારો
શીઘ્રપતન, સ્વપ્નદોષ, નપુંસકતા, ઈન્દ્રીની કમજોરી માટે વિશેષ લાભદાયક
લાભ નહીં તો પૈસા પરત
દવા ઘર બેઠા મંગાવવા માટે સંપર્ક કરો
આચાર્ય આયુર્વેદ
08116593448

ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક
અમદાવાદમાં
ન્યૂઝ મીડિયા ક્ષેત્રે
કરિયર બનાવો
ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે
છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે
ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..
લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125

વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in

KRIPAL HOMES
WHY CHOOSE COSTLY HOTELS WHEN PG ROOMS ARE AVAILABLE AT 500 Rs PER DAY ONLY
PG ON PER DAY
@
₹ 500/DAY
WITH ALL FACILITIES
• 3 TIMES FOOD • AC ROOM • LAUNDRY WITH IRONIC • HIGH SPEED WIFI • 24/7 OPEN • GEYSER • LED TV IN EVERY ROOM • BLENKET • ETC
9294888777
Kripal Homes PG

Umilk
કરો સ્વાદનો ઉમેરો
તમારી શુભસવારની ચાના કપમાં
With Gir Cow's Raw A2 Milk
Umilk
100% PURE, FRESH & ENRICHED WITH A2 BETA-CASEIN PROTEIN
GIR COW'S RAW A2 MILK
Call or Whatsapp us on : +91 82008 89122 | Visit our website : www.a2umilk.com

BANKER & BAKERS™
A Bite Of Celebration...
20 Years of Bakery Experience
Freshly Baked Joy, Every Day!
FRANCHISE INQUIRY
9537331130 - 9924399337
BRANCHES
KADIA-NEHRUNAGAR-ASARVA

સરળતાથી વસાવો... સરળતાથી ચલાવો...
KINETIC GREEN Think Electric.. Think Kinetic
CNG/ડિઝલ રીક્ષાનો ખર્ચ ₹350 પ્રતિ દિવસ
કાઈનેટીક ઈલેકટ્રીક રીક્ષાનો ખર્ચ ₹20 પ્રતિ દિવસ
BATTERY WARRANTY 3 YEARS
SERVICES WARRANTY 1 YEAR
LOADING CAPACITY 700 KG
RTO CERTIFIED REGISTER
સૌથી મોટી બોડી... સૌથી મોટી કેપેસીટી...
ડિજિટલ ગુજરાત સબસિડી ૫૦૦૦૦/-
વોટર સપ્લાયર
FMCG
દુધ સપ્લાયર
વુડ સપ્લાયર
ગેસ સપ્લાયર
ઉપયોગ : • કરિયાણા • માલસમાન હેરફેર • ઈન્ડસ્ટ્રીઝ • પ્રિન્ટીંગ પ્રેસ • પ્લાયવુડ • બ્રાન્ડીગ પ્રમોશન • ફાસ્ટ ફૂડ • કુરિયર • ટાયર • શાકભાજી-ફળ • કટલેરી • ઈલેટ્રોનિક્સ સપ્લાય • બેકરી • સેન્ટરી • હરતીફરતી દુકાન
SiddhiVinayak Autolink
3 Wheeler - Showroom 84008 84002
• SALES • SERVICE • SPARE
Ankit Party Plot, Nr. SiddhiVinayak Ford Workshop, Kuvadva Road, Rajkot.
All Type of Electric 2&3 Wheeler Service & Repairing : 82003 82005

VISHAL AUTOMOBILES
આપણાં વિસ્તાર માં મલ્ટી બ્રાન્ડ વ્હીકલ શો-રૂમ
ન્યુ કોમર્શીયલ
યુઝડ કોમર્શીયલ
ફાઇનાન્સ
રી-ફાઇનાન્સ
અશોક લેલેન્ડ દોસ્ત
મારુતિ સુપર કેરી
મહીન્દ્રા મેક્સ
ટાટા એસ
મારુતિ ઇકો
મહિન્દ્રા ઇલેકટ્રીક લોડિંગ
એક્ષચેન્જ ની સુવિધા ઉપલબ્ધ
ઓછામાં ઓછું ડાઉન પેમેન્ટ
સરળ હપ્તા
નવી જૂની ગાડીનો વિમો
કોમર્શીયલ વહાનોની કપંની પસંદ કરો. સબસિડી ઉપલબ્ધ
દરેક કંપનીની નવી થ્રી ફોર વ્હીલર ગાડી મળશે.
તેમજ નવી તથા જૂની ગાડી પર લોન કરી અપવામાં આવશે.
ગાડી લેતા પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો.
64, Dada Estate, Opp. Hotel Savan, Sarkhej Circle, S.G. Highway,
Sarkhej, Ahmedabad-10. M : 95371 57373, 76980 01092
(વિશ્વાસ ૩૫ વર્ષ જૂની શાખા નો: ભવાની મોટોક્રાફટ પ્રાઈવેટ લિમિટેડ સરખેજ)

Printer, Publisher & Owner : Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya